ગુજરાત-દમણ અને દીવમાં 14,866 ગામોનું મેપિંગ પૂરું

1767માં શરૂ થયેલી વિશ્વની ઐતિહાસિક સર્વેક્ષણ પરંપરાનું ગુજરાતમાં આધુનિક સ્વરૂપ

102 CORS સ્ટેશનો દ્વારા સેન્ટિમીટર સ્તરની ચોકસાઈથી જમીનનું માપન

ગાંધીનગરઃ કોઈપણ રાજ્યના વિકાસની શરૂઆત જમીનની સાચી ઓળખ, સચોટ માપણી અને વિશ્વસનીય નકશાથી થાય છે. ક્યાં રસ્તો બનશે, ક્યાં ઔદ્યોગિક વસાહત ઊભી થશે, ક્યાં પૂરનું જોખમ છે, કયા વિસ્તારમાં પાણીની વ્યવસ્થા ઊભી કરવી છે અને કોની માલિકીની કેટલી જમીન છે, આ તમામ આયોજન પાછળ ચોક્કસ ભૌગોલિક માહિતી મહત્ત્વનો આધાર બને છે.

ગુજરાતમાં આ કામગીરીને આધુનિક ટેક્નોલોજી સાથે આગળ ધપાવવામાં ભારતીય સર્વેક્ષણ વિભાગ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. ગાંધીનગર સ્થિત ગુજરાત, દમણ અને દીવ ભૂ-સ્થાનિક નિર્દેશાલયે સ્વામિત્વ યોજના હેઠળ રાજ્યનાં 14,866 ગામોનું નકશાકરણ પૂર્ણ કર્યું છે. બીજી તરફ, 102 કન્ટિન્યુઅસલી ઓપરેટિંગ રેફરન્સ સ્ટેશન્સ (CORS) દ્વારા સેન્ટિમીટર સ્તરની ચોકસાઈ સાથે જમીનનું માપન શક્ય બન્યું છે. અમૃત 2.0 હેઠળ 55 શહેરોના નકશાકરણથી માંડીને બુલેટ ટ્રેન કોરિડોર, કાકરાપાર પરમાણુ વીજ મથક અને શહેરી જમીનના રેકોર્ડના આધુનિકીકરણ સુધીની કામગીરીમાં આ વિભાગની ભૂમિકા ગુજરાતના વિકાસ આયોજન માટે મહત્ત્વપૂર્ણ બની રહી છે.

વર્ષ 1767માં શરૂ થયેલી આ સંસ્થાએ ગાઢ જંગલો, વિશાળ રણપ્રદેશો અને દુર્ગમ પર્વતીય વિસ્તારોનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરીને દેશના ભૌગોલિક નકશાકરણનો પાયો નાખ્યો હતો. ગ્રેટ ટ્રિગોનોમેટ્રિકલ સર્વેની ઐતિહાસિક પરંપરાએ માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈના પ્રથમ વૈજ્ઞાનિક માપનનો માર્ગ મોકળો કર્યો હતો. ભારતના બંધારણની મૂળ નકલના મુદ્રણ કાર્યમાં પણ આ સંસ્થાનું યોગદાન રહ્યું છે. ગુજરાત, દમણ અને દીવ ભૂ-સ્થાનિક નિર્દેશાલયના નિર્દેશક સિદ્ધાંત સેને જણાવ્યું હતું કે, અઢી સદીથી વધુ સમય વીતી ગયો હોવા છતાં વિભાગનો મૂળ ઉદ્દેશ્ય દેશની ધરતીનું વૈજ્ઞાનિક માપન કરી તેની ભૌગોલિક ઓળખ સ્થાપિત કરવાનો અને સચોટ નકશાકીય માહિતી ઉપલબ્ધ કરાવવાનો રહ્યો છે. કચ્છના વિશાળ રણથી સૌરાષ્ટ્રના દરિયાકિનારા સુધી, ખંભાતના અખાતથી દમણ અને દીવના દરિયાઈ વિસ્તારો સુધીના નકશાકરણમાં ગાંધીનગરની કચેરી મહત્ત્વપૂર્ણ કામગીરી કરી રહી છે.

કાકરાપાર પરમાણુ મથક માટે 121 ચોરસ કિ.મી.નું LiDAR સર્વેક્ષણ

મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય માળખાકીય પ્રોજેક્ટ્સમાં પણ વિભાગની ટેક્નિકલ ભૂમિકા વિસ્તરી રહી છે. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (NPCIL) માટે કાકરાપાર ખાતે 121 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં LiDAR ટેક્નોલોજી આધારિત સર્વેક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આગામી તબક્કામાં વધુ 183 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં સર્વેક્ષણ હાથ ધરવાનું આયોજન છે. આ ઉપરાંત, વડીનાર, પોરબંદર, ઓખા અને કંડલા ખાતે ભરતી-ઓટ માપન વેધશાળાઓ દ્વારા દરિયાની સપાટીમાં થતા ફેરફારો અને દરિયાઈ ગતિવિધિઓનું નિરીક્ષણ કરવામાં આવે છે.

14,866 ગામોના નકશાથી ગ્રામ્ય મિલકતના હકનો માર્ગ મોકળો

ગ્રામીણ વિસ્તારોમાં મિલકતની માલિકી અંગેની સ્પષ્ટતા અને કાયદેસર દસ્તાવેજીકરણ માટેની સ્વામિત્વ યોજના હેઠળ ભારતીય સર્વેક્ષણ વિભાગે ગુજરાતનાં 14,866 ગામોના વસવાટ વિસ્તારોનું નકશાકરણ પૂર્ણ કર્યું છે. આ કામગીરીથી ગ્રામ્ય પરિવારોને પોતાના મકાન અને મિલકતના માલિકી હકના દસ્તાવેજો મેળવવાનો માર્ગ સરળ બન્યો છે. મિલકતની માલિકી સ્પષ્ટ થવાથી વિવાદો ઘટાડવા ઉપરાંત મિલકતના આધારે ધિરાણ મેળવવાની તકો પણ ઊભી થાય છે. આમ, નકશાકરણની આ કામગીરી માત્ર ટેક્નિકલ પ્રક્રિયા નહીં, પરંતુ ગ્રામ્ય પરિવારોના આર્થિક સશક્તીકરણ સાથે પણ જોડાયેલી છે.

102 CORS સ્ટેશનો, સેન્ટિમીટર સ્તરની ચોકસાઇ

પરંપરાગત સર્વેક્ષણને આધુનિક ડિજિટલ ટેક્નોલોજી સાથે જોડવા માટે ગુજરાત અને દમણ-દીવમાં કુલ 102 CORS સ્ટેશનો સ્થાપિત કરવામાં આવ્યાં છે. આ સ્ટેશનોની મદદથી સર્વેયરો, ઇજનેરો, ખેડૂતો અને ડ્રોન સંચાલકોને રિયલ ટાઇમમાં સેન્ટિમીટર સ્તરની ચોકસાઈ સાથે પોતાનું ચોક્કસ સ્થાન જાણી શકાય છે. અત્યાર સુધીમાં 1,042 વપરાશકર્તાઓએ આ સુવિધા માટે નોંધણી કરાવી છે. રસ્તા, પુલ, નહેર, ઔદ્યોગિક પ્રોજેક્ટ અને જમીન માપણી જેવી કામગીરીમાં આ ટેક્નોલોજી ઉપયોગી બની રહી છે.

55 શહેરોના વિકાસનું GIS આધારિત આયોજન

શહેરી વિકાસને વૈજ્ઞાનિક આધાર આપવા માટે અમૃત 2.0 યોજના હેઠળ 55 શહેરોનું નકશાકરણ હાથ ધરવામાં આવ્યું છે. આ નકશાઓના આધારે GIS આધારિત ડેવલપમેન્ટ પ્લાન અને માસ્ટર પ્લાન તૈયાર કરવામાં મદદ મળશે. પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, રસ્તા, શહેરી માળખાકીય સુવિધાઓ અને હરિયાળા વિસ્તારોના આયોજનમાં આ માહિતી ઉપયોગી બનશે. આ ઉપરાંત, મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરના નકશાકરણ માટે નગર રચના અને મૂલ્યાંકન વિભાગને ટેક્નિકલ સહયોગ આપવામાં આવી રહ્યો છે. શહેરી જમીનના રેકોર્ડના આધુનિકીકરણ માટેના નકશા (NAKSHA) પ્રોજેક્ટ હેઠળ પણ અત્યાર સુધીમાં પાંચ શહેરોનું નકશાકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટથી જમીન અને મિલકતના રેકોર્ડ વધુ ચોક્કસ અને પારદર્શક બનાવવામાં મદદ મળશે.

અમદાવાદના બજારોમાં બાળકોને ગમે તેવા ફટાકડાં...



■ પરંપરાગતને બદલે આ વખતે અમદાવાદમાં બાળકોને ગમે તેવા અલગ અલગ પ્રકારના બિસ્કિટ અને ફ્રુટ આકારના ફટાકડા અમદાવાદના બજારોમાં જોવા મળ્યા છે. બાળકો જોઈને જ લેવા માટે જીદ કરે તેવા ફટાકડા આ બનાવવામાં આવ્યા છે. (તસવીરઃ જનક પટેલ, અમદાવાદ)

સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ગુજરાતની પ્રથમ વિસ્ટા ડોમ બસ સેવાનો પ્રારંભ

રૂ.૨.૧૯ કરોડની એક બસમાં ૨૩ પ્રવાસીઓ માટે અત્યાધુનિક સુવિધા

ગાંધીનગરઃ ગુજરાતમાં પ્રવાસનનો અનુભવ હવે માત્ર સ્થળોની મુલાકાત પૂરતો સીમિત નહીં રહે, પરંતુ પ્રવાસ દરમિયાન રસ્તામાં જોવા મળતાં કુદરતી સૌંદર્ય અને ઐતિહાસિક વિરાસતને પણ પ્રવાસીઓ માણી શકશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ગુજરાતમાં અત્યાધુનિક એસી વિસ્ટા ડોમ કોચ બસ સેવાનો પ્રારંભ થયો છે.

પારદર્શક કાચની છત ધરાવતી આ બસમાં પ્રવાસીઓ એસી કેબિનમાં આરામદાયક બેઠક પર બેસીને ખુલ્લા આકાશ, પહાડો, હરિયાળી અને આસપાસનાં નયનરમ્ય દૃશ્યોનો આનંદ માણી શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આ બસનું લોકાર્પણ કરવાની સાથે તેમાં સફર પણ કરી હતી.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) અને ગુજરાત ટુરિઝમની સંયુક્ત પહેલથી શરૂ થયેલી આ સેવા આગામી સમયમાં રાજ્યનાં અન્ય પ્રવાસન સ્થળો અને હેરિટેજ રૂટ સુધી વિસ્તરશે. આ બસની સૌથી મોટી વિશેષતા તેની પારદર્શક સ્કાય-વ્યૂ રૂફ ડિઝાઇન છે.

સામાન્ય પ્રવાસી બસની જેમ બારીમાંથી બહાર જોવાને બદલે પ્રવાસીઓ બસની પારદર્શક છતમાંથી ખુલ્લા આકાશ અને આસપાસના દૃશ્યોને પણ નિહાળી શકશે. બસમાં કુલ ૨૩ પ્રવાસીઓ માટે રિવોલ્વિંગ અને પોતાની અનુકૂળતા મુજબ ગોઠવી શકાય તેવી રિક્લાઇનિંગ સીટ્સ આપવામાં આવી છે. એટલે કે પ્રવાસ દરમિયાન માત્ર આરામ જ નહીં, પરંતુ આસપાસનાં દૃશ્યો માણવા માટે પણ બેઠકને અનુકૂળ રીતે ફેરવી શકાશે.

ગુજરાતનાં પ્રવાસન સ્થળોની ઝલક બસની બોડી પર

આ બસની બહારની ડિઝાઇન પણ પ્રવાસીઓને આકર્ષે તેવી બનાવવામાં આવી છે. બસની બોડી પર સ્ટેચ્યુ ઓફ યુનિટી, અક્ષરધામ, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, અડાલજની વાવ, ધોરડોનું રણ, તરણેતરનો મેળો અને વિજય વિલાસ પેલેસ જેવાં ગુજરાતનાં જાણીતાં પ્રવાસન સ્થળોનાં આકર્ષક ગ્રાફિક્સ દર્શાવવામાં આવ્યાં છે. આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ પાંચ બસ તૈયાર કરવામાં આવી છે, જેમાંથી હાલ બે બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

બસમાં ફાઇવ સ્ટાર જેવી સુવિધાઓ

રૂ.૨.૧૯ કરોડની કિંમત ધરાવતી એક વિસ્ટા ડોમ બસમાં પ્રવાસીઓ માટે પ્રીમિયમ એલઇડી સ્માર્ટ ટીવી, સીસીટીવી કેમેરા, કોફી-ટી મેકિંગ મશીન, મિની ફ્રિજ અને મોબાઇલ ચાર્જિંગ જેવી સુવિધાઓ આપવામાં આવી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર ડિટેક્શન એન્ડ સપ્રેશન સિસ્ટમ તથા ઇમરજન્સી હેમર સાથેના ટફન ગ્લાસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આમ, લાંબી મુસાફરી દરમિયાન પ્રવાસીઓને આરામ, મનોરંજન અને સુરક્ષાની સુવિધા એક જ બસમાં મળશે.

શિક્ષક ભરતી સમિતિની રચનાને લઈને શિક્ષણ જગતમાં ભારે રોષ

નિમણૂકો રદ નહીં થાય તો 25 નવેમ્બરથી રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી

ગાંધીનગરઃ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે શિક્ષણ વિભાગ દ્વારા રચવામાં આવેલી ભરતી સમિતિમાં સભ્યોની નિમણૂકને લઈને શિક્ષણ જગતમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સમિતિમાં ત્રણ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે, પરંતુ રાજ્યમાં બહોળી સભ્ય સંખ્યા ધરાવતા ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ સાથે સંકળાયેલા માન્ય સંગઠનોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું નથી કે વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી. સરકારના આ નિર્ણય સામે સંકલન સમિતિએ ઉગ્ર વિરોધ નોંધાવી ભરતી સમિતિની નિમણૂકો તાત્કાલિક અસરથી રદ કરવાની માગણી કરી છે. માગણીઓ નહીં સંતોષાય તો આગામી 25 નવેમ્બર, 2026થી આંદોલનાત્મક કાર્યક્રમો શરૂ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે શિક્ષણ વિભાગ દ્વારા ભરતી સમિતિમાં કરવામાં આવેલી નિમણૂકોમાં કોઈ એક સંગઠનને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, જ્યારે રાજ્યના વિવિધ માન્ય શૈક્ષણિક સંગઠનો અને સૌથી વધુ સભ્ય સંખ્યા ધરાવતા સંકલન સમિતિના પ્રતિનિધિઓને સ્થાન આપવામાં આવ્યું નથી. આટલી મોટી સંખ્યામાં શિક્ષકો અને કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતા સંગઠનોને વિશ્વાસમાં લીધા વિના લેવાયેલો નિર્ણય આશ્ચર્યજનક અને દુઃખદાયક છે. સરકારના આ વલણને કારણે રાજ્યના વિવિધ શૈક્ષણિક સંગઠનોમાં ભારે રોષ અને અસંતોષની લાગણી ફેલાઈ છે.બીજી તરફ, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદ્દેદારોએ રાજ્ય સરકાર સમક્ષ લાંબા સમયથી પડતર રહેલા વિવિધ પ્રશ્નોનો પણ ઉકેલ લાવવાની માગણી કરી છે. રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકો, આચાર્યો, માધ્યમિક શિક્ષકો, ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો તેમજ વહીવટી કર્મચારીઓના સંગઠનોને સાથે રાખીને રચાયેલી આ સંકલન સમિતિમાં અંદાજે એક લાખથી વધુ સભ્યો જોડાયેલા છે. તેમ છતાં, સરકાર દ્વારા સમિતિના હોદ્દેદારો સાથે અત્યાર સુધી માત્ર એક જ વખત બેઠક યોજવામાં આવી છે. આ બેઠકમાં સમિતિ દ્વારા કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અને માગણીઓ રજૂ કરવામાં આવી હતી. જોકે, બેઠક યોજાયાને સમય વિતવા છતાં રજૂ કરાયેલા એકપણ પ્રશ્નના નિરાકરણની દિશામાં કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ ન હોવાનું સમિતિએ જણાવ્યું છે. પરિણામે સમગ્ર ગુજરાતના શિક્ષણ જગત સાથે સંકળાયેલા કર્મચારીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

સંકલન સમિતિએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરીને ભરતી સમિતિની નિમણૂકો રદ કરવા તેમજ શિક્ષણ કર્મચારીઓના પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી છે. આગામી એક મહિનામાં સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો 25 નવેમ્બર, 2026થી નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવશે તેવી સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે.

દિવાળીના તહેવારો પહેલાં અમદાવાદમાં ગેરકાયદે વસતા 61 વિદેશી નાગરિકો ઝડપાયા

ક્રાઇમ બ્રાન્ચની શહેરવ્યાપી તપાસમાં મોટા ભાગના બાંગ્લાદેશી નાગરિકોનો સમાવેશ

અટકાયત કરાયેલા લોકો સામે કાયદેસરની કાર્યવાહી અને દેશનિકાલની પ્રક્રિયા શરૂ

અમદાવાદઃ અમદાવાદમાં દિવાળીના તહેવારો દરમિયાન સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવાના ભાગરૂપે ક્રાઇમ બ્રાન્ચે શહેરભરમાં ગેરકાયદે વસવાટ કરતા વિદેશી નાગરિકો સામે કાર્યવાહી હાથ ધરી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ગુપ્ત માહિતીના આધારે હાથ ધરાયેલા સંકલિત દરોડા અને તપાસ દરમિયાન 61 વિદેશી નાગરિકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે. આ તમામમાં મોટાભાગના બાંગ્લાદેશી નાગરિકો હોવાનું પ્રાથમિક વિગતોમાં સામે આવ્યું છે. ક્રાઇમ બ્રાન્ચે શહેરના વિવિધ ઝોનમાં માહિતી એકત્રિત કરીને શંકાસ્પદ સ્થળોએ તપાસ અને દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. આ અભિયાનનો મુખ્ય હેતુ શહેરમાં ગેરકાયદે રીતે રહેતા વિદેશી નાગરિકોની ઓળખ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો છે. તહેવારોના સમયમાં જાહેર સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જણાવાયું છે.

દેશનિકાલની કાર્યવાહી હાથ ધરાશે

અટકાયતમાં લેવાયેલા 61 વિદેશી નાગરિકોની ઓળખ અને જરૂરી દસ્તાવેજોની ચકાસણી સહિતની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. તેમની સામેના કાયદાકીય પાસાંની તપાસ પૂર્ણ થયા બાદ દેશનિકાલની કાર્યવાહી આગળ વધારવામાં આવશે. શહેરમાં ગેરકાયદે વસવાટ કરતા વિદેશી નાગરિકો અંગે માહિતી એકત્રિત કરવાની અને ચકાસણીની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે.

સુડોકુ ૭૨૬૭ 'ક્લુ'

	૫		૪			૧		
૯	૩		૮				૫	૨
		૪		૫	૩			૮
૩			૫					
	૬	૯				૫	૮	૭
	૭		૬		૮	૯	૧	૩
	૪	૩			૫		૨	
		૭		૬	૪		૯	
૫	૯	૨	૩				૬	

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
■ દરેક બોકસમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

હૃદયની કાળજી

હરડે ચૂર્ણ, અર્જુન ચૂર્ણ, વચા, રાસ્ના, પીપર, સૂંઠ, પુષ્કરમૂળ, શ્રૃંગ ભસ્મ સમાન રીતે લઈ, બધા ચૂર્ણ ભેગા કરી ભરી લો. આર્થિક ક્ષમતા હોય તો બૃહત હૃદય ચિંતામણી, દર સો ગ્રામ મિશ્રણમાં બે ગ્રામ ઉમેરો. રોજ સવાર સાંજ એક એક ચમચી પાણી સાથે લો.

ગુજરાતમાં રૂફટોપ સોલારનો નવો રેકોર્ડ, 9.08 લાખ ઘરોમાં સોલર પેનલ લાગી ગઈ

માર્ચ-2027ની સમયમર્યાદા પહેલાં જ 10 લાખના લક્ષ્યાંક સામે 90 ટકા લક્ષ્યાંક હાંસલ

ગાંધીનગરઃ વીજળીના વધતા વપરાશ અને પરંપરાગત ઊર્જા સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડવાના પ્રયાસો વચ્ચે ગુજરાતમાં ઘરની છત પર સોલર પેનલ સ્થાપિત કરવાનું અભિયાન વેગ પકડી રહ્યું છે. વડાપ્રધાન સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં 9.08 લાખ રહેણાંક મકાનોમાં રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત થઈ ચૂકી છે. માર્ચ 2027 સુધીમાં 10 લાખ ઘરોમાં સોલર સિસ્ટમ સ્થાપિત કરવાના લક્ષ્યાંક સામે ગુજરાતે 90.8 ટકા સિદ્ધિ મેળવી લીધી છે. કુલ 3,408 મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે રૂફટોપ સોલાર સ્થાપનમાં ગુજરાત દેશનાં રાજ્યોમાં પ્રથમ સ્થાને છે. દેશની કુલ સ્થાપિત રૂફટોપ સોલાર ક્ષમતામાં ગુજરાતનો 18.21 ટકા હિસ્સો છે. આ આંકડા દર્શાવે છે કે રાજ્યમાં હવે સોલાર ઊર્જા માત્ર મોટા ઔદ્યોગિક એકમો પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ સામાન્ય પરિવારો પણ વીજળીની જરૂરિયાત પૂરી કરવા માટે સૂર્યઊર્જા તરફ વળી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જાનું ઉત્પાદન વધારવા માટે વિવિધ પ્રોત્સાહનો અને આર્થિક સહાય આપવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારની પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ રહેણાંક ગ્રાહકોને સોલર સિસ્ટમ સ્થાપિત કરવા માટે વધારાની સહાય આપવામાં આવે છે. ખાસ કરીને નાના વીજગ્રાહકો માટે સોલાર પેનલ લગાવવાનો પ્રારંભિક ખર્ચ ઓછો થાય તે માટેની જોગવાઈઓને કારણે આ યોજનાનો વ્યાપ વધી રહ્યો છે.

નાના ગ્રાહકો માટે પણ સોલાર પેનલ લગાવવી સસ્તી

રાજ્યમાં 6 કિલોવોટ સુધીની રહેણાંક રૂફટોપ સોલાર સિસ્ટમ માટે નિયમનકારી ચાર્જ પેટે રૂ.2,950ની સહાય આપવામાં આવે છે. નેટવર્ક મજબૂતીકરણ ચાર્જમાંથી મુક્તિ અને નેટ મીટરિંગ કરારની આવશ્યકતામાંથી મુક્તિ જેવી રાહતો પણ આપવામાં આવી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ગ્રાહકો 2.18 કિલોવોટ પીક સુધીની નવી સોલર સિસ્ટમ સ્થાપિત કરાવે તો તેમણે નિર્ધારિત ખર્ચના માત્ર 5 ટકા જ ચૂકવવાના રહે છે. અન્ય ગ્રાહકો માટે આ હિસ્સો 10 ટકા રાખવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારની સહાય અને ગ્રાહકના ફાળાને બાદ કર્યા પછીની નિર્ધારિત બેન્ચમાર્ક ખર્ચની બાકીની રકમ રાજ્ય સરકાર ભોગવે છે.

વધારાની વીજળી ગ્રીડમાં મોકલી શકાશે

રૂફટોપ સોલર અપનાવવામાં નેટ મીટરિંગની સુવિધા પણ મહત્ત્વની બની છે. આ વ્યવસ્થામાં મીટર દ્વારા ઘર દ્વારા વપરાયેલી વીજળી અને સોલર સિસ્ટમથી ગ્રીડમાં મોકલાયેલી વધારાની વીજળીનો હિસાબ રાખવામાં આવે છે. ઘરની સોલર સિસ્ટમ માટે કનેક્ટેડ લોડની મર્યાદા ન હોવા ઉપરાંત વધારાની વીજળી ગ્રીડમાં મોકલવાની અને તેના બદલામાં નાણાકીય લાભ મેળવવાની સુવિધા છે. ઘરેલુ ગ્રાહકોને બેંકિંગ ચાર્જમાંથી પણ મુક્તિ આપવામાં આવી છે. આ સુવિધાઓને કારણે સોલર સિસ્ટમ સ્થાપિત કરવાનું આર્થિક આકર્ષણ વધ્યું છે.

શબ્દગુંફન - ૭૨૮૬

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧. સિંહ કે ઘોડાની ગરદનઉપરના વાળ (૪)
૪. મહિનો (૨)
૬. એક દેશ (૩)
૮. ગરક થયેલું,રાજી (૨)
૯. તિરસ્કાર (૪)
૧૧. પુત્ર (૩)
૧૨. દાણાદાર લોટ (૨)
૧૩. નિષેધ, બાધ, મનાઈ (૨)
૧૪. મિત્રતા, પ્રીતિ (૨)
૧૫. પ્રહાર ઝીલવાનું સાધન (૨)
૧૭. ભેદ, રહસ્ય (૨)
૧૮. સરોવર (૨)
૨૦. અક્ષરો લખવાની રીત (૨)
૨૧. ખેલ (૩)
૨૪. નજર, યાદદાસ્ત, ધ્યાન (૩)
૨૭. મશ્કરી, નવાઈનો બનાવ (૪)
૨૯. ગમે એવું (૪)
૩૧. શંકાવાળું (૪)
૩૨. મર્મ જાણનાર (૩)
૩૪. નગરમાં વસનારું (૫)

ઊભી ચાવી
૧. જુલમ, મહાનાશ, ગજબ (૨)
૨. માહિતગાર (૩)
૩. ઢગલો (૨)
૫. સમય પ્રમાણે (૫)
૬. આસક્ત, લીન (૨)
૭. પીડા (૩)
૯. નવવધૂ, નવી પરણેલી સ્ત્રી (૩)
૧૦. હાજર કરેલું (૨)
૧૩. પાંદડાં વગેરેનો અવાજ (૩)
૧૬. મનોહર, કોમળ (૩)
૧૮. નિરંતર, હંમેશ (૩)
૧૯. સેવક, ચાકર (૨)
૨૨. એક જળચર (૩)
૨૩. મોટું (૨)
૨૫. રત્નોના સમૂહરૂપ સમુદ્ર (૪)
૨૬. ઇચ્છા, ભૂખ (૨)
૨૮. ભૂલચૂક, ખામી (૩)
૨૯. રડવું તે, રોણું (૩)
૩૦. નિરાંત, ઠરાવ (૩)
૩૨. હૃદય, દિલ, ચિત્ત (૨)
૩૩. એક પદાર્થ (૨)

કે	શ	વા	ળી		રા		મા	સ	
ર		કે		ર	શિ	યા		મ	ગ્ન
	ન	ફ	ર	ત		ત	ન	ય	
ર	વો		જૂ		મ	ના		સ	ખ્ય
	ઢા	લ		મ	ર્મ		સ	ર	
દા		લિ	પી		ર	મ	ત		વ
સ	ર	ત		રુ		ગ	ત	ક	ડું
	ત્વા		રુ	ચિ	ક	ર		સૂ	
શ	ક	મં	દ		રા		મ	ર	મી
	ર		ન	ગ	ર	જ	ન		ણ

આજનું પંચાંગ

તા. 03/11/2026,મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિઃ વદ: નોમ : 11:55
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-12
યોગ :શુકલ
કરણઃ વણિજ **નક્ષત્ર :** મઘા 27:27
રાશિઃ સિંહ (મ.ટ.)
દિવસ : સામાન્ય
સુરતમાં સૂર્યોદય : 06:44 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:01
નવકારસી : 07:32
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 21 મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ ઊલ અવલ માસનો 22મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાંઃ કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે : 15:00 થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): બૌદ્ધિક કામમાં સફળતા મળે. પ્રિયજનો સાથે ગેરસમજ થાય. નવા રોકાણમાં યોગ્ય સલાહ લેવી.

વૃષભ (બ,વ,ઉ,): આર્થિક બચતની યોજનામાં વડીલોનો સાથ મળે પરિવારમાં સામાન્ય રીતે દોડધામ રહેવાથી મન પર ભય.

મિથુન (ક,છ,ઘ,): સાહસિક નિર્ણયથી લાભ થાય. આત્મવિશ્વાસ વધે તેવા સમાચાર મળે. ટેકનલોજીનો લાભ મળે.

કર્ક (ડ,હ,): પરિવારની સમસ્યાનું સમાધાન થાય. આર્થિક બાબતે પ્રગતિ થાય. પારિવારિક ધંધામાં આવક વધે.

સિંહ (મ,ટ,): વેપારિક ભાગીદારીમાં નવી યોજના બને લોકોનો સાથ સમાજમાં મળે. નોકરીમાં કામનો બોજ વધે.

કન્યા (પ,ઠ,ણ,): આરોગ્યનું ધ્યાન રાખવું પડે. કોઇ કાવતરાના ભોગ બની શકો છો. વિદેશ પ્રવાસને લગતા કામમાં પ્રગતિ.

તુલા (ર,ત,): સંતાનોની પ્રગતિથી શાંતિ થાય. આર્થિક વ્યવહારોમાં સાવધાની રાખવી. મન પર ભાર.

વૃશ્ચિક (ન,ય,): વેપાર-ધંધામાં બુદ્ધિશક્તિથી નવી તક ઊભી થાય. નોકરીમાં પ્રમોશન કે પ્રગતિનો અનુભવ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): મિત્રો સાથે મનોરંજન થાય. તમારી સલાહથી બીજાને લાભ થાય. પારિવારિક બાબતે અનુકૂળતા વધશે.

મકર (ખ,જ,): માનસિક અશાંતિ વધે. સરકારી કામમાં વિલંબ થાય. વારસાના પ્રશ્નો સતાવે. ખર્ચા વધશે.

કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રો સહકર્મી જીવન સાથી વગેરેનો સાથ મળે. બૌદ્ધિક કાર્યમાં યશ મળે. ધર્મ- કર્મ થાય.

મીન (દ,ચ,ઝ,થ,): તમારા નિર્ણયથી નોકરી-ધંધાની જગ્યાએ કાર્યમાં પ્રગતિથી યશ મળે. અચાનક શુભ સમાચાર મળે.

કોઈ પણ સાલમાં 03 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવી તક મળે. ટેકનોલોજીનો લાભ મળે. સરકારી યોજનામાં લાભ મળે. સમાજમાં માન વધે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે.વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સંતાનોનાં કેરીયર-અભ્યાસમાં મદદ મળશે. નવા ઘર, વાહન, મકાન, બાબતે અનુકૂળતાથી મધ્યવર્ષમાં સફળતા મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. મિત્રો-વડીલોની મદદ સામાજિક કામ, કોર્ટ, કચેરી, વારસા, જાયદાદ, જમીન વગેરેમાં મળે. સરકારી નોકરીની તૈયારી કરનારને ભાગ્યનો સાથ મળે. આરોગ્ય સામાન્ય રહે. સ્ત્રી વર્ગ માટે પ્રગતિજનક વર્ષ સાથે વિવાહ વગેરેના કાર્ય પાર પડશે. યાત્રા પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી, માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં ગુરુવારે શુક્રવારે 03,12,21, 30 તારીખે નવા કામ કરવા સોનેરી રંગનો ઉપયોગ કરવો જૂન-જુલાઈમાં રવિ બુધવારે 02,11,20, 29 તારીખે નવા કામ ટાળવાં લાલ રંગનો ઉપયોગ ટાળવો.

પ્રથમ સાત માસમાં રાજ્યની જીએસટી આવકમાં ૨૮%નો વધારો

ગાંધીનગરઃ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ સાત માસમાં ઓક્ટોબર-૨૦૨૬ અંતીત રાજ્યને ૫૮,૨૪૮ કરોડની આવક થયેલી છે જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક ૪૫,૬૬૭ કરોડ કરતા ૨૮% વધુ છે.ઓક્ટોબર-૨૦૨૬ માં રાજ્યને જીએસટી હેઠળ ૮,૩૯૧ કરોડની આવક થઈ છે, જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક ૭,૧૨૭ કરોડ કરતા ૧૮% વધુ છે. રાજ્યને ઓક્ટોબર-૨૦૨૬ માં વેટ હેઠળ ૩,૧૫૩ કરોડ, વિધ્યુત શુલ્ક હેઠળ ૧,૦૫૩ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ ૨૨ કરોડની આવક થઈ છે.

ગુજરાતમાં MBBS-BDSની 88 ખાલી બેઠકો માટે સ્પેશિયલ સ્ટ્રે રાઉન્ડ યોજાશે

વિદ્યાર્થીઓએ 4 નવેમ્બર સુધીમાં રૂ. 3 લાખની સિક્યોરિટી ડિપોઝિટ જમા કરાવવી પડશે

અમદાવાદઃ ગુજરાતમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટે સ્નાતક વિદ્યાશાખાના MBBS અને BDSની ખાલી રહેલી કુલ 88 બેઠકો ભરવા સ્પેશિયલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ યોજાશે. જેમાં MBBSની 56 અને BDSની 32 બેઠકોનો સમાવેશ થાય છે. MCC, નવી દિલ્હીની સૂચના અનુસાર પ્રવેશ સમિતિ દ્વારા આ ઓનલાઈન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ચોથા ઓનલાઈન સ્ટ્રે રાઉન્ડમાં ચોઈસ ફિલિંગ કરવા છતાં કોઈ બેઠક ન મેળવનારા પાત્ર વિદ્યાર્થીઓ જ આ રાઉન્ડમાં ભાગ લઈ શકશે. 4 નવેમ્બર, 2026ના બપોરે 3:30 વાગ્યા સુધીમાં રૂ. 3 લાખની સિક્યોરિટી ડિપોઝિટ ઓનલાઈન, રોકડ અથવા ACPUGMECના નામે ડિમાન્ડ ડ્રાફ્ટથી અધિકૃત બેંક શાખામાં જમા કરાવવાની રહેશે. સ્પેશિયલ સ્ટ્રે રાઉન્ડમાં BDSની બેઠકો ખાલી રહેશે તો પાંચમો ઓનલાઈન સ્ટ્રે રાઉન્ડ યોજાશે. બેઠક ફાળવાયા બાદ પ્રવેશ કન્ફર્મ નહીં કરાવનાર ઉમેદવારોની રૂ. 3 લાખની સિક્યોરિટી ડિપોઝિટ ઉપરાંત રૂ. 10 હજારની રકમ જપ્ત થશે. અગાઉના રાઉન્ડમાં MBBS, BDS, BAMS કે BHMSમાં પ્રવેશ કન્ફર્મ કરાવનારા તેમજ ચોથા રાઉન્ડમાં બેઠક ફાળવાયેલા ઉમેદવારો આ રાઉન્ડ માટે અપાત્ર રહેશે.